ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૯.૫ ડીગ્રી
લઘુતમ : ૨૮.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૦ ટકા ● સાંજે ૪૭ ટકા

# નેચરલ પ્લાન્ટના વેચાણમાં જબરજસ્ત ઉછાળો

## કોરોનાકાળમાં ઓક્સિજન આપતા ઈન્ડોર અને આઉટડોર પ્લાન્ટસનું વેચાણ વધ્યું
## સરકારી અને ખાનગી નર્સરીઓમાં વસાહતીઓની સારી એવી ભીડ જોવા મળે છે

ગાંધીનગર, તા.૧૬

ઈન્ડોર અને આઉટડોર પ્લાન્ટસનું મહત્વ વધતું જાય છે. કોરોનકાળમાં નેચરલ ઓકિસજન માટે ઘરમાં અને આંગણામાં વિવિધ પ્રકારના રોપાઓના ઉછેરનો ટ્રેન્ડ વધ્યો છે. પ્લાન્ટસના વેચાણમાં ૩૫ ટકાનો ઉછાળો જોવા મળ્યો છે.

છેલ્લા દોઢ-બે વર્ષનો ગાળો આપણા સૌ માટે ખૂબ જ કપરો સાબિત થયો છે. આ કોરોનાકાળમાં ઓકિસજનની અછતના કારણે પરિસ્થિતિ ગંભીર બની હતી. ઓકિસજનનું મહ્ત્વ આ સમયે જ સમજાયું નેચરલ ઓકિસજનની જરૂરીયાત સમજાઈ તે સાથે જ વૃક્ષો અને છોડનું મહત્વ સમજાયું છે. ગાંધીનગરમાં આમ તો ઘણા વૃક્ષો છે પરંતુ ઘરમાં ઓકિસજન આપતા ઈન્ડોર પ્લાન્ટસ લગાવવાનું વસાહતીઓને જાણે ઘેલું લાગ્યું છે. લોકડાઉનના સમયગાળામાં ઘરમાં રહેલા ઘણા વસાહતીઓએ ગાર્ડનીંગ અને પ્લાન્ટીંગના શોખને કેળવ્યો છે. જાતભાતના રંગબેરંગી દેશી-વિદેશી ઈન્ડોર-આઉટડોર પ્લાન્ટસનું વેચાણ વધ્યું છે.

ગાંધીનગર શહેરમાં ઘણી સરકારી નર્સરીઓ આવેલી છે. વરસાદ પહેલાં આ નર્સરીઓમાંથી વિવિધ પ્રકારના છોડવાઓ લઈ જવા માટે વસાહતીઓમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે. વનચેતના કેન્દ્ર ઉપરાંત અન્ય નર્સરીઓમાંથી હાલમાં નજીવા દરે વિવિધ પ્રકારના પ્લાન્ટસનું વિતરણ થઈ રહ્યું છે.

સરકારી નર્સરી ઉપરાંત ખાનગી નર્સરીઓમાંથી પણ વિવિધ પ્રકારના પ્લાન્ટસનું વેચાણ વધ્યું છે. એક અંદાજ મુજબ લોકડાઉનના સમયમાં જ નર્સરીઓમાંથી વિવિધ પ્રકારના સુશોભન માટેના અને ફળાઉ હોય તેવા છોડનું વેચાણ ૩૫ ટકા જેટલું વધ્યું છે. ઘરની અંદર અનો બાલ્કનીમાં ઉછેરી શકાય તેવા ઈન્ડોર પ્લાન્ટસ અને આંગણામાં ઉછેરી શકાય તેવા વિવિધ છોડની વસાહતીઓ મોટી માત્રામાં ખરીદી કરી રહ્યા છે.









**ઘર પાસે ઉછેરવા જેવા વૃક્ષો**

● ગરમાળો, ગુલમહોર, અશોક, લીમડો, કદમ, કેસુડો, સેવન, મીઠો લીમડો, પારિજાત, આમળા, શમી, શ્રીપર્ણી

**સુવાસ આપતા ફુલછોડ**

રાતરાણી, ઈકઝોર, ચંપો, ચમેલી, તુલસી

**ફળો આપતા વૃક્ષો**

આંબો, ચીકુ, લીંબુ, કેળ, દાડમ, દ્રાક્ષના વેલા, નારંગી, મોસંબી


**પ્લાન્ટ સ્ટ્રેસમાંથી બહાર લાવે છે**

કોરોના મહામારીમાં લોકોના જીવન પર ઉંડી અસર દેખાઈ રહી છે. આવા કપરાં સમયમા ઘરમાં રાખેલા ફૂલછોડ અને બગીચામાં ઉછેરવામાં આવેલા વક્ષો લોકોને આ મહામારીના સ્ટ્રેસમાંથી બહાર લાવવા અમુક અંશે મદદરૂપ થાય છે. આ છોડ વાતાવરણને શુધ્ધ કરવા સાથે ઓકિસજન પણ ઉત્પન્ન કરે છે. વાતાવરણને તે પ્રફુલ્લીત રાખે છે.

**ઘરમાં રાખી શકાય તેવા પ્લાન્ટસ**

● સ્નેક પ્લાન્ટ, મની પ્લાન્ટ, રિબિન પ્લાન્ટ, ડાયફન બેકિયા, રકયુલન્ટ, કોલીયર્સ, હંસરાજ, ક્રાસુલા










**જન્મદિને વધામણી**



ઝેડ. એમ. પટેલ
મો. ૯૯૭૮૪ ૦૪૪૭૭



ચંદ્રિકા કિશોર ખટવાણી
મો. ૯૪૨૮૮ ૦૪૩૨૦



સોનલ હિતેન્દ્ર પુરોહિત



દિવ્યમ ગૌતમભાઈ પ્રજાપતિ
મો. ૯૯૦૪૩ ૫૪૫૫૧



પૂજન મોદી



અનિલ બોટાદરા
મો. ૭૬૨૩૯ ૨૦૯૯૩



વિનોદ ઉદેયા
મો. ૯૮૯૮૦ ૬૨૨૦૯

# શહેરમાં નવું વીજ ડીસ્ટ્રીબ્યુશન સબસ્ટેશન ફાળવવા વસાહત મહાસંઘની રજૂઆત

## ટોરન્ટ કંપની દ્વારા વીજ લોડ વધારવા તથા નવા વીજ જોડાણની માંગણીઓ સ્વીકારવામાં ના આવતા મહાસંઘે નાયબ મુખ્યમંત્રીને લેખિત રજુઆત કરી

ગાંધીનગરમાં વિજળી સેવા ટોરન્ટ કંપની દ્વારા પુરી પાડવામાં આવી રહી છે અને શહેરમાં રહેણાંક વિસ્તારોમાં નવા વીજ જોડાણ તેમજ વીજ લોડ વધારવા માટે ગ્રાહકોની માંગણીને ટોરન્ટ કંપની દ્વારા સ્વીકારવામાં આવતી નથી તેવી ફરિયાદો ઉઠવા પામી છે જેને અનુલક્ષીને શહેર વસાહત મહાસંઘ દ્વારા રાજયના માર્ગ અને મકાન વિભાગના મંત્રી તથા નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલને લેખિત રજુઆત કરવામાં આવી છે.

ગાંધીનગર શહેર વસાહત મહાસંઘ દ્વારા નાયબ મુખ્યમંત્રીને કરવામાં આવેલી લેખિત રજુઆતમાં પ્રમુખ કેશરીસિંહ બિહોલા દ્વારા જણાવાયું છે કે ટોરેન્ટ કંપની દ્વારા શહેરમાં વસાહતીઓના રહેણાંક મકાનોમાં નવા વીજ જોડાણ મેળવવા તેમજ વીજ જોડાણ ધરાવતા ગ્રાહકો દ્વારા વીજલોડ વધારવા કરવામાં આવેલી માંગણીઓને કોઈ પણ વાજબીકારણ વગર નકારી દેવામાં આવી રહી છે. અત્યારે ચાલી રહેલી ઉનાળાની કાળઝાળ ગરમીની ઋતુમાં રહેણાંક વિસ્તારોમાં વીજલોડ ઓછો પડી રહ્યો છે અને વીજલોડ વધારી આપવા સાથે આશરે ૧૫૦૦ જેટલી માંગણીઓ કંપની દફતરે પેન્ડિંગ પડી છે પરંતુ કંપની દ્વારા સ્વીકારવામાં આવતી નથી. આ સાથે નવા વીજ જોડાણ માટેની અરજી પણ ઘણા સમયથી પેન્ડીંગ હોવા છતાં વીજ જોડાણ આપવામાં આવતું નથી. શહેરમાં દર વર્ષે મિલ્કત વેરો ભરતા વસાહતીઓને પાયાની સુવિધાઓથી વંચિત રહેવું પડી રહ્યું છે. જે બાબતે અંગત રસ લઈને શહેરમાં નવા ડિસ્ટ્રીબ્યુશન સબસ્ટેશનની જગ્યા ફાળવી ત્વરીત વીજકંપનીને આ સુવિધા પુરી પાડવા ઘટતું કરવા આદેશ આપવાનો નાયબ મુખ્યમંત્રીને મહાસંઘે અનુરોધ કર્યો છે.




કોરોના મહામારીમાં કેસોની સંખ્યામાં ઘટાડો થતાં જનજીવન ધીમે ધીમે પાટે ચડી રહ્યું છે અને સાવ ઠપ્પ થઈ ગયેલા ધંધા-રોજગાર ફરી પરિવાર માટે બે ટંકનો રોટલો રળી આપતા થાય તે માટે નાના-મોટા ધંધાર્થીઓ યત્ન કરી રહ્યા છે. સે-૭માં ચૌધરી સ્કૂલના કટ પાસે ખુલેલી ચા-કોફી-નાસ્તાની દુકાનના દુકાનધારકે ગ્રાહકોને આકર્ષવા રંગબેરંગી બલુન્સથી સજાવી છે જે આ સ્થળેથી આવતા-જતા વાહનચાલકોને રાહદારીઓનું ધ્યાનકર્ષિત કરી રહી છે.

# ‘રક્તદાન માનવ કલ્યાણ..!’ વિશે વક્તવ્ય યોજાયું...!




ગાંધીનગર, તા.૧૬

વિશ્વ રક્તદાતા દિવસ નિમિત્તે નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા બ્લડ ડોનેશન અવેરનેસ માટે ઓનલાઈન સેશન રાખવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત હાર્દિક મકવાણા કરવામાં આવી હતી એમણે રક્તદાન વિશે વાત કરી કાર્યક્રમના વક્તા ગાંધીનગર સાહિત્યસભાના અધ્યક્ષ સંજય થોરાતનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. સંજય થોરાત દ્વારા અત્યાર સુધી ૯૮ વખત બ્લડ ડોનેટ કરવામાં આવ્યું છે.

‘બ્લડ ડોનેટ કરો, માણસાઈને પ્રમોટ કરો’ સાથે સંજય થોરાતે એમની રક્તદાન યાત્રાની રસપ્રદ વાતો કરી હતી. એમણે કહ્યું કે, ‘કાર્લ લેન્ડસ્ટેઈનર (Karl Landsteiner) એ એબીઓ રક્તસમુહ પ્રણાલી (ABO blood group system)ના શોધક છે અને આ માટે તેમને ૧૯૩૦ના વર્ષનું નોબૅલ પારિતોષિક પણ એનાયત કરવામાં આવ્યું હતું. કાર્લ લેન્ડસ્ટેઈનરનો જન્મદિવસ ૧૪મી જૂન ૧૮૬૮ છે. વિશ્વ આરોગ્ય સંસ્થા (World Health Organisation-WHO) એ પહેલ કરી વિશ્વને રક્તદાનનું મહત્વ સમજાવવા વર્ષ ૨૦૦૭ થી એમના જન્મ દિવસ (૧૪ જૂન)ને વિશ્વ રક્તદાન દિવસ તરીકે મનાવવાની શરૂઆત કરી હતી.

# શહેરમાં એક દિવસે બે પલ્સર બાઈકની ચોરી

## સેકટર-૬ પેટ્રોલ પંપ પાસેથી અને ઘ-૪ પાસે ગાર્ડનના ગેટ પાસેથી બાઈકની ઉઠાંતરી, શહેરમાં બાઈક ચોર ગેંગ સક્રિય

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર શહેરમાં બાઈક ચોરી કરતી ટોળકી સક્રિય થઈ હોય તેમ લાગી રહ્યું છે. શહેરના વિવિધ વિસ્તારમાંથી આંતરે દિવસે બાઈક ચોરીની ફરીયાદો ઉઠી છે. ત્યારે શહેરના ઘ-૩ પેટ્રોલ પંપ પાસેથી અને ઘ-૪ સેન્ટ્રલ વિસ્ટા ગાર્ડનના ગેટ પાસેથી બજાજ કંપનીના બાઈકની ઉઠાંતરી થવા પામી છે. બાઈક ચોર પોલીસને પડકાર ફેંકતા હોય તેમ લાગી રહ્યું છે. બંન્ને બાઈક ચોરી અંગે પોલીસ મથકે ફરીયાદ નોંધાતા પોલીસે બાઈક ચોર ટોળકીને પકડી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

સુત્રો પાસેથી મળતી વિગત મુજબ વિષ્ણુભાઈ ગગુભાઈ ભરવાડ (ઉં.૨૧, રહે.ગોકુલપુરા ભરવાડ વાસ હનુમાનજી મંદિર) પથિકા સર્કલ થી સરખેજ ના મુસાફરો ઈકો ગાડીમાં બેસાડીને ફેરા મારે છે. જયારે પલ્સર બાઈક નં.જી.જે.૧૮. સી.એસ.૮૧૬૨ બાઈકનો ઉપયોગ ઘરે આવન-જાવન માટે કરતા હતા. વિષ્ણુ ભરવાડ પલ્સર બાઈક લઈને સવારે સાડા આઠ વાગે ગાંધીનગર પથિકા સર્કલ પાસે સેકટર-૬ એચપી પેટ્રોલ પંપ પાસે આશાપુરા પાન પાર્લર જોડે બાઈક મુકીનો મુસાફરો ભરીને ઈકો ગાડીનો ફેરો મારવા માટે ગયા હતા.ત્યારબાદ પરત ફરતા જમવા માટે બાર વાગ્યાની આસપાસ પાર્ક કરેલી જગ્યાએ જોતા બાઈક દેખાયુ ન હતું. જેથી વિષ્ણુભાઈએ આસપાસના ગલ્લાવાળા તેમજ ચા ની કીટલીવાળા સહિત રાહદારીઓને પુછપરછ કરી હતી.પરંતુ બાઈક મળી આવ્યું ન હતું. આખરે સેકટર-૭ પોલીસે રૂ.૪૦ હજારના બાઈક ચોરી અંગે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

જયારે બીજા બનાવમાં માણસા તાલુકાના ગુનમા ગામના અનિલજી ભીખાજી મકવાણા (ઉં.૩૨) મનપાની ડોર ટુ ડોર કલેકશનની ગાડી ચલાવે છે. છેલ્લા પાંચ વર્ષથી તેઓ ફરજ બજાવે છે. ફરીયાદી પોતાના જીજાજીનું બજાજ કંપનીનું બાઈક નં. જી.જે.૧૮.ડી.એચ.૭૪૧૦ કામઅર્થો ગાંધીનગર લઈને આવ્યા હતા. આ બાઈક સેકટર-૨૮ નગરપાલિકાની ઓફિસ ખાતે પાર્ક કર્યુ હતું. ત્યારબાદ સાંજના ચાર વાગે ફરીયાદીના મામાના દિકરાનો જન્મ દિવસ હોવાથી સેન્ટ્રલ વિસ્ટા ગાર્ડન ખાતે બોલાવતા ફરીયાદી બાઈક લઈને ગ-૪ થી ઘ-૪ તરફ જવાના ગેટ પાસે બાઈક પાર્ક કરીને ગયા હતા. બાદમાં સાંજે સાડા પાંચ વાગે પરત ફરતા જોયુ તો બાઈક પાર્ક કરેલી જગ્યા પરથી ગાયબ હતું. બનાવ અંગે અનિલ મકવાણાએ સેકટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે બાઈકની કિં.૭૦ હજાર ગણી ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# ઉમા આર્ટસ અને નાથીબા કોમર્સ કોલેજ ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૧૬

શહેરની પ્રતિષ્ઠિત ઉમા આર્ટસ અને નાથીબા કોમર્સ મહિલા કોલેજમાં ‘એક ભારત શ્રેષ્ઠ ભારત’ અને એનએસએસના સંયુક્ત ઉપક્રમે વૃક્ષા રોપણના એક સુંદર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમમાં તમામ અધ્યાપકોએ અને ઓફીસ કર્મચારીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ કાર્યક્રમને રસપ્રદ બનાવ્યો હતો. સંસ્થાના આચાર્ય ડો. હરીતભાઈ પટેલનું માર્ગદર્શન અને પ્રેરણાએ કાર્યક્રમને અનોખો ઓપ આપ્યો હતો. કમિટીના સભ્યો ડો. મયૂરી પટેલ, ડો. હિના મહેતા અને પ્રા. બાબુભાઈ તેમજ એનએસએસ પ્રોગ્રામ ઓફિસર ડૉ.મુકેશભાઈ ગોરની ભારે જહેમતથી કાર્યક્રમ સુંદર રીતે સંપન્ન થયો હતો.

# ગાંધીનગર ઈન્ટરનેશનલ સ્કુલમાં વૃક્ષારોપણ



ગાંધીનગર, તા.૧૬

આજની પરિસ્થિતીને અનુસરીને ૨૦૨૧-૨૨ ઓનલાઈન શિક્ષણ પધ્ધતી દ્વારા ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલમાં પ્રી-પ્રાઈમરી વિભાગના બાળકોએ આજ રોજ નવા સત્રની શરૂઆતમાં ‘Tree Plantation’ દ્વારા ઓનલાઈન પ્રવૃતિ કરવામાં આવી હતી જેમાં બાળકોની સાથે વાલીગણ પણ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

# વૃક્ષારોપણ દ્વારા ગાંધીનગરને પુન: હરીયાળું નગર બનાવવા જાગૃત પરિષદની અપીલ


ગાંધીનગર, તા.૧૬

‘હું દર વર્ષે બે વૃક્ષ વાવીશ અને ઉછેરીશ’ સંકલ્પ દ્વારા ગાંધીનગરને પુન: હરિયાળુ નગર બનાવી ગ્રીન ઝોલ (બેલ્ટ) પોલિસી પુન: અમલમાં મુકવા ગાંધીનગર જાગૃત નાગરિક પરિષદે ગુજરાત સરકારને અપીલ કરી છે. રાજયના નગરોના કુલ વિસ્તારની ૨૦ ટકા જમીન વૃક્ષોના ઉછેર માટે અનામત રાખવામાં આવે અને ત્યાં વડ, પીપળો, ઉમરો જેવા વૃક્ષો ઉછેરી ઓકિસજન પાર્ક ઉભા કરી ગ્રીન ઝોન જાહેર થયેલી જમીન પર આવતા ૭૫ વર્ષ સુધી કોઈ બાંધકામ/વિકાસ કાર્યક્રમ હાથ ધરવામાં ન આવે તે કાયદાથી સુનિશ્ચિત કરવો જોઈએ. જેથી ગુજરાતના પર્યાવરણમાં નોંધપાત્ર સુધારો લાવી શકાય. ગુજરાતના જંગલોને પુન: વૃક્ષોથી હર્યાભર્યા બનાવવા એક ઘનિષ્ઠ કાર્યક્રમ અમલમાં મુકવો જરુરી છે. ગાંધીનગર જાગૃત નાગરિક પરિષદે જણાવ્યું છે કે આ કાર્યક્રમથી પર્યાવરણની જાળવણીમાં રાષ્ટ્રીય કક્ષાએ ગુજરાતની કામગીરી નોંધપાત્ર બની રહેવા સાથે વરસાદ નિયમિત થતાં રાજયને પાણીની સમસ્યામાંથી કાયમી ધોરણે મુકિત મળી શકશે. છેલ્લા ત્રણ મહિનામાં આપણે સૌ ઓકિસજનની કિંમત સમજતા થયા છીએ તેથી સંસ્થા દ્વારા નાગરિકોને ઘરઆંગણે વૃક્ષો વાવવા અને ઉછેરવા વિનંતી કરવામાં આવી છે.

# શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટીટયુટ ઓફ ફાર્મસીમાં કોવિડ-૧૯ બાદ ભારતની બહાર રહેલી અભ્યાસની તકો અંગેનો વેબિનાર યોજાયો

ગાંધીનગર, તા.૧૬

બાપુ ગુજરાત નોલેજ વિલેજ સંચાલિત શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટીટયુટ ઓફ ફાર્મસીમાં હાલમાં ‘કોવિડ-૧૯ બાદ ભારતની બહાર રહેલી અભ્યાસ ની તકો’ વિષયે એક દિવસીય વેબિનાર યોજાયો હતો. આ સેમિનારમાં એલ.ઈ.સી.સી. ગ્લોબલ ઈન્ડિયા પ્રાઈવેટ લીમીટેડ, અમદાવાદ ના ટીમ લિડર પ્રાંચી બ્રહ્મભટ્ટ મુખ્ય વક્તા તરીકે હાજર રહ્યા હતા અને તેઓએ કોવિડ-૧૯ બાદ ફાર્મા ક્ષેત્રમાં ઉદભવ થયેલી અગણિત તકોનું અને ઉજ્જ્વળ ભવિષ્યની શક્યતાઓનું વિસ્તૃત વર્ણન કરી ઉદાહરણો દ્વારા ફાર્મસીના વિદ્યાર્થીઓને સમજાવ્યું કે ફાર્મસીનો અભ્યાસક્રમ ભારત તથા દુનિયાના દરેક દેશોના આર્થિક તંત્રને મજબુત બનાવવાનું અભિન્ન અંગ છે. ફાર્મસી અભ્યાસક્રમની માંગ આજે પણ છે. ભૂતકાળમાં પણ હતી અને ભવિષ્યમાં પણ રહેશે જ. આ વેબિનારમાં સંસ્થાના ૧૩૫ જેટલા વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.




આ સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન સંસ્થાના ડાયરેક્ટર પ્રો. રવિકુમાર અને પ્રિન્સીપાલ ડૉ. ધર્મેશ ગોલવાલાના માર્ગદર્શન હેઠળ ફાર્મસી કોલેજના પ્રાધ્યાપક સંતોષકુમાર વૈધ્યે કર્યુ હતુ.